એમ.એ.સી.પી.એમ.એ નં.૪૩૫/૨૦૨૦

**કોમન જજમેન્ટ**

એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫

(ફેંસલ તારીખ.૦૩/૦૨/૨૦૦૭)

ફર્સ્ટ અપીલ નં.૪૯૩૦/૨૦૦૭

ફર્સ્ટ અપીલ નં.૪૯૩૧/૨૦૦૭

ફર્સ્ટ અપીલ નં.૪૯૩૨/૨૦૦૭

**કોમન જજમેન્ટ**

(ફેંસલ તારીખ.૨૩/૦૮/૨૦૧૯)

**–:: આંક:૦૧ લગત હુકમ ::–**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. આ કામે અરજદારોને અકસ્માત થયેલો તે કામે વળતર મેળવવા એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫ નામદાર કોર્ટમાં દાખલ કરેલી, તે વળતર અરજી ચાલી જતા પુરાવાના અંતે તા.૦૩/૦૨/૨૦૦૭ ના રોજ વળતર અરજીમાં કોમન જજમેન્ટ આપી એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫ માં રૂા.૨૦,૭૯,૪૦૦/–(અંકે રૂપિયા વીસ લાખ અગણોએંસી હજાર ચારસો પુરા) અરજીની તારીખથી ડીસેમ્બર ૨૦૦૦ સુધી ૯% વ્યાજ અને જાન્યુઆરી ૨૦૦૧ થી રકમ વસુલ થતા સુધી ૮% વ્યાજ સાથે અરજદારને સામાવાળા વીમા કંપનીએ ચુકવી આપવા તેવો હુકમ કરેલો. જે હુકમને સામાવાળા વીમા કંપની યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કં.લી.એ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારેલ, જે ફર્સ્ટ અપીલ નં.૪૯૩૦/૨૦૦૭ તથા ફર્સ્ટ અપીલ નં.૪૯૩૧/૨૦૦૭ તથા ફર્સ્ટ અપીલ નં.૪૯૩૨/૨૦૦૭ હતો. જે ત્રણેવ અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલી જતાં, તા.૨૩/૦૮/૨૦૧૯ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ત્રણેવ અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલી જતા તા.૨૩/૦૮/૨૦૧૯ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટે હુકમ કરી ફેંસલ કરેલ. જે મુજબ એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫ મા રૂા.૬,૨૯,૧૧૨/–(અંકે રૂપિયા છ લાખ ઓગણત્રીસ હજાર એકસો બાર પુરા)મુળ એવોર્ડ મુજબ વીમા કંપનીને પરત ચુકવવા હુકમ કરેલ.

(૨) આમ, હાલના અરજદાર વીમા કંપનીએ ઉપરોકત હુકમ મુજબ મુળ એવોર્ડને ધ્યાને રાખી એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫ માં તફાવતની રકમ રૂા.૫,૮૦,૬૨૫/–(અંકે રૂપિયા પાંચ લાખ એંસી હજાર છસ્સો પચ્ચીસ પુરા)વીમા કંપનીને પરત ચુકવવાની અરજ તારીખ ૨૫/૦૨/૨૦૨૦ ના રોજ કરેલ છે.

(૩) હાલની ઉપરોકત એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫ અરજીના અનુસંધાને નાઝર શ્રીને વેરીફાય કરી જરૂરી નોંધ મુકવા મોકલેલ.

જે એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫ ના કામે નાઝરશ્રીએ નાઝરશ્રીના નામે રૂા. ૨૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ લાખ પુરા) એફ.ડી.આર.નં.૩૨૯૦૧૪૫૫૬૫૨ થી બેન્ક ઓફ ઈન્ડીયામાં જમા છે. જે જમા રકમ મુજબનો નાઝરશ્રીએ શેરો મારેલ છે.

(૪) હાલના અરજદાર વીમા કંપની યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કં.લીમીટેડે એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫, સામે ફર્સ્ટ અપીલ નં.૪૯૩૦/ ૨૦૦૭ તથા નં.૪૯૩૧/૨૦૦૭ તથા નં.૪૯૩૨/૨૦૦૭ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ જે અપીલના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૨૩/૦૮/૨૦૧૯ ના રોજ ચુકાદો આપી જણાવેલ છે કે અરજદારની અપીલ અંશત: ગ્રાહય રાખેલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે પેરા નં.૧૦,૧૧ તથા ૧૨ માં ઉપરોકત ત્રણેય એમ.એ.સી.પી.ના કામે કોન્ટમ નકકી કરી વળતર પેટે અરજદારને ચુકવવાની થતી રકમ જે આ ટ્રીબ્યુનલે ઠરાવેલ, તેમાં ફેરફાર કરી, નામદાર ગુજરાત હાઈકોર્ટે હુકમ કરી ફેંસલ કરેલ અને **એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫ માં તફાવતની રકમ રૂા.૫,૮૦,૬૨૫/-(અંકે રૂપિયા પાંચ લાખ એંસી હજાર છસ્સો પચ્ચીસ)**વીમા કંપનીને પરત ચુકવવાનો હુકમ કરેલો અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ટ્રીબ્યુનલે ફરમાવેલ વળતરની રકમમાં ઉપર મુજબનો ઘટાડો કરેલ અને ઉપરોકત રકમમાંથી સામાવાળા નં.૬ ને ૩૦% પ્રમાણે મુળ એવોર્ડમાં ૯% વ્યાજ અરજી દાખલ તારીખથી ડીસેમ્બર ૨૦૦૦ સુધી તથા ૮% વ્યાજ જાન્યુઆરી ૨૦૦૧ થી રકમ જમા કરાવે ત્યાં સુધી ગણવાનું હતુ. હાલની અરજીના કામે અરજી રકમ પરત મેળવવા માટે કરી તે તારીખ ધ્યાને લેવાની છે.

(૫) આમ, અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત હુકમ મુજબ તેમની અરજીના પેરા.૧,૨ તથા ૩ વ્યાજ સહિત રકમ પરત મેળવવા માંગણી કરેલ છે. તે ઉપરોકત ચુકાદા મુજબ ગણતરી યોગ્ય જણાય છે તથા તે ગણતરીને હાલના સામાવાળા એટલે કે મુળ અરજદારોએ તે મુજબ રકમ પરત કરવા સામે વાંધો નથી, તેવો લેખિત શેરો આ કામે મારેલ છે અને હાલના અરજદાર એટલે કે વીમા કંપનીએ આ સાથે આંક:૯ થી રજુ કરેલ સુધારા અરજીની દાદ વંચાણે લેતા, નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબની ગણતરી હોય તેવુ જણાય છે. જેથી અરજદાર વીમા કંપની તેમની અરજીમાં માંગ્યા મુજબની રકમ પરત મેળવવા હકકદાર છે અને જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત હુકમ મુજબ તફાવતની રકમ અરજદાર વીમા કંપનીને

એકાઉન્ટ પેઈ ચેકથી પરત ચુકવવા હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયી લેખાશે તેવું મારૂ માનવુ છે. જેથી નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**-:: હુકમ ::-**

**(૧)** આ કામના અરજદાર (મુળ સામાવાળા) નં.૬ યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કં. લી.ની અરજી મંજુર કરવામાં આવે છે.

**(૨)** આથી નાઝરશ્રીને એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામના સામાવાળા નં.૬ યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડને **એમ.એ.સી.પી.નં.૩૧૭/૧૯૯૫ માં તફાવતની રકમ રૂા.૫,૮૦,૬૨૫/-(અંકે રૂપિયા પાંચ લાખ એંસી હજાર છસ્સો પચ્ચીસ)** એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ પાંચમી, માહે ઓકટોબર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૦૫/૧૦/૨૦૨૧.

સ્થળ:વડોદરા.

**(પ્રવિણકુમાર એચ.શર્મા)**
એમ.એ.સી.પી.(ઓકઝી.)જજ અને
૧૨માં એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, વડોદરા.
(કોડ નં.જીજે-૦૦૭૦૧)